# Day to Day Current Affairs

**26. ઓક્ટોબર 2015**

## ૧ સતર્કતા જાગરૂકતા સપ્તાહ :

- કેન્દ્રના આવકવેરા વિભાગ દ્વારા 26 ઓકટોબર, 2015 થી 31 ઓકટોબર, 2015 દરમિયાન સતર્કતા જાગરૂકતા સપ્તાહ મનાવવામાં આવશે.

- આ માટે કરવેરા સવલતને વધુ સરળ બનાવવા વિભાગ દ્વારા અનેક ટેકનિક તેમજ અન્ય પહેલ કરી છે જેમા,

- ફરિયાદોના નિકાલ માટે આવકવેરા લોકપાલ
- સુદ્રઢ પરસ્પર સંવદાત્મક અને સૂચનાપ્રદ વેબસાઈટ.(www. incometoxindia. gov. in)
- આવકવેરા સંપર્ક કેન્દ્ર
- કરનું ઈ- પેમેન્ટ
- રિફંડ બેંકર યોજના
- માહિતીપત્રનું ઈ- ફાઈલિંગ અને કેન્દ્રિયકૃત પ્રોસેસિંગ
- ટીડીએસ મહિતીનું ઈ- ફાઈલિંગ

- આ ઉપરાત ભ્રષ્ટ આચરણ સાથે જોડાઈલી બાબતની નિ:સંકોચ ફરિયાદ કરવા માટે આવકવેરા વિભાગની દેશની જૂદી-જૂદી કચેરીના એડ્રેસ પણ આપવામાં આવ્યા છે, જેની માહિતી વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

## ૨. અભિષેક વર્મા – તીરંદાજ :

- તાજેતરમાં મેકિસકોમાં યોજાયેલા તીરંદાજીના વર્લ્ડ કપમાં ભારાતીય તીરંદાજ અભિષેક વર્મા સિલ્વર મેડલ જીત્યો હતો.

## 3. હાશિમ અમલા – સાઉથ આફ્રિકન ક્રિકેટર :

- તાજેતરમાં સાઉથ આફ્રિકાના ઓપનર હાઉસ અમલાએ ભારત સામેની ફ્રિડમ સીરીઝની પાંચમી વન ડે માં 15 રન બનાવવાની સાથે 6.000 રન પુરા કરવાની સિફ્રિ મેળવી હતી.

- અમલાએ આ સિફ્રિ 123મી ઈનિંગમાં મેળવી વિરાટ કોહલીએ રેકોર્ડ તોડ્યો હતો.

- કોહલીએ 136 ઈનિંગમાં 6,000 રન પુરા કર્યા હતાં.

- આ સાથે અમલાએ સૌથી ઓછી ઈનિંગમાં 2000 રન, 3000 રન, 4000 રન, 5000 રન અને 6000 રનનો રેકોર્ડ પોતાના નામે કર્યો છે.

## ૪. અભિજીત ગૃપ્તા – ચેચ ગ્રાન્ડ માસ્ટર :

- તાજેતરમાં ભારતીય ગ્રાન્ડ માસ્ટર અભિજિત ગૃપ્તાએ હુગવીન આંતરરાષ્ટ્રીય ચેચ સ્પર્ધા જીતી લીધી છે.

## ૫. કેન્દ્ર સરકારની નોન ગેઝેટેડ નોકરીઓમાં ઇન્ટરવ્યુ પ્રથા નાબુદ :

- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ જનતા સાથે 13મી વાર મન કી બાત કરતા જાહેરાત કરી કે કેન્દ્રની નોન ગેઝેટેડ નોકરીઓમાં ઇન્ટરવ્યુ લેવાશે નહી.

- આ માટે ગ્રૂપ બી, સી, અને ડી ની નોન ગેઝેટેડ નોકરીઓનો સમાવેશ કરાયો છે.

- આ નિર્ણયનો અમલ 1લી જાન્યુઆરી, 2016 થશે.

Vivekanand Academy, Gandhinagar